Extra No. 122

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, APRIL 30, 2026 / VAISAKHA 10, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો.

File No: KHD MSC/e-file/450/2026/1339 MAG BRANCH /- માતર પેટા વિભાગ હસ્તક વાવડી-ડામરી-ગોવિંદપુરા-શેત્રા-નાયકા રોડ પર શેત્રા ગામ પછી મોતીયા વહેરા પર શેઢી સિંચાઈ વિભાગનું સ્લેબ ડ્રેઈન આવેલ છે. જે સ્લેબ ડ્રેઈન જર્જરીત થઈ ગયેલ હોવાથી જાહેર સલામતીને ધ્યાને લઈ સદર રસ્તો બંધ કરી સદર રસ્તા પરના ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ તા.૨૦/૧૨/૨૦૨૫ ના પત્ર જા.નં.પી.બી./વશી/૧૧૫૧ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે (૧) તા.૦૭/૦૮/૨૦૨૫ થી તા.૦૭/૧૧/૨૦૨૫, (૨) તા.૦૮/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ અને (૩) તા.૧૯/૦૨/૨૦૨૬ થી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. પરતું સદરહું કામગીરી હજુ પૂર્ણ થયેલ ન હોઈ, જેથી સદર જાહેરનામાની મુદત લંબાવવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ તા.૨૦/૦૪/૨૦૨૬ ના પત્ર જા.નં.પી.બી/વશી/૫૮૦/૨૦૨૬ થી પુનઃ દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગો ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ પસાર થવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૪/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) વાસણા ટોલ (ખેડા-ધોળકા રોડ) થી મોતીયા વહેરા શેઢી સિંચાઈ રોડ બ્રીજ થઈ શેત્રા, નાયકા, ચલીન્દ્રા થઈ બારેજા તરફ જતો-આવતો તમામ વાહન વ્યવહાર,

(B) ઉપરોક્ત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો :-

- વાસણા ટોલ (ખેડા-ધોળકા રોડ) થી શેત્રા ગામ તરફ મોતીયા વહેરા પહેલા દાંડી રોડ થઈ ગોવિંદપુરા, ઢઠાલ, ભેરાઈ, નવાગામ થઈ બારેજા તરફ વાહન વ્યવહાર અવર-જવર કરી શકશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય. સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા જીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો હુકમ

The National Testing Agency National Eligibility-cum-Entrance Test (NEET)-2026 આયોજન તા.૦૩/૦૫/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજ ૦૬:૦૦ કલાક દરમિયાન ખેડા જિલ્લાની ગવર્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-કઠલાલ ખાતે યોજાનાર છે. જેથી તા.૦૩/૦૫/૨૦૨૬ ના રોજ આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા-નડીઆદનાઓએ તેઓશ્રીની કચેરીના તા.૨૧/૦૪/૨૦૨૬ ના પત્ર જા.નં.:જિ.શિ.અ/ખેડા/NEET-2026/૨૪૬૬ થી ઉકત કામે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. ઉકત કામે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલ્મ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ખેડા જિલ્લાના NEET-2026 પરીક્ષા કેન્દ્ર ગવર્મેનટ આર્ટસ એનડ કોમર્સ કોલેજ-કઠલાલ તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર ખાતે નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો:-

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું, કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/ કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/ કરાવવું, આ રીતના કોઈપણ દુષ્પ્રેરણ કે પ્રયાસમાં જો ફરજો પરના સુપરવાઈઝરશ્રી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ થવું, પ્રામાણિકપણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા સેવવી, પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈપણ વસ્તુ, ઈલેકટ્રોનીક આઈટમ જેવી કે, ફેકસ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીન, કોપીયર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઉપકરણો, સેલ્યુલર ફોન, મોબાઈલ, સ્માર્ટ વોચ, પેજર, હેન્ડ સેટ, વોકીટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ વિગેરેનો ઉપયોગ, ઝેરોક્ષ કાઢવાની કામગીરી, ઝેરોક્ષ નકલોનું વહન કરવું કે કરાવવામાં ફરજો પરના તમામ માણસોએ મદદગારી કે દુષ્પ્રેરણા કરવા તથા પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર.

સમયગાળો:- તા.૦૩/૦૫/૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૩૦ કલાક થી સાંજ ૦૬:૦૦ કલાક સુધી

શિક્ષા:- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા જીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:39:07 IST